ક્રમાંક/એમવીપી/આરસીપીએસ/અમલ/
વાહન વ્યવહાર કમિશ્નરની કચેરી,
ડો.જીવરાજ મહેતા ભવન,બ્લોક નં.૬,
બીજો માળ સચિવાલય,ગાંધીનગર.
તારીખ. -૮-૨૦૧૬.

AUG 2016

પ્ર તિ,
સહાયક /પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી,
સહાયક /પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી,
તમામ.

વિષયઃ-ગુજરાત (જાહેર સેવા અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ,૨૦૧૩ અંતર્ગત પુરી પાડવામાં આવતી સેવાઓ બાબત.

સંદર્ભઃ- (૧) બંદરો અને વાહન વ્યવહાર વિભાગનો પત્ર ક્રમાંક-પરચ-૧૦૨૦૧૩-૧૬૫૧૭૧-(૧૬૭૩)-ચ, તા.૨૯-૭-૨૦૧૬.
(૨) સામાન્ય વહીવટ વિભાગનો પરિપત્ર ક્રમાંક-આરસીપીએસ-૧૦૨૦૧૬-૬૯૨ વસુતાપ્ર-૪, તા.૨૬-૫-૨૦૧૬.

શ્રીમાન,

ઉપરોકત વિષય અને અનુસંધાને સંદર્ભ-૨ ના પત્રની નકલ સામેલ રાખી જણાવવાનું કે, આ અધિનિયમ હેઠળ તાબાની તમામ આરટીઓ/એઆરટીઓ કચેરી ધ્વારા વિભાગના તા.૨૩-૩-૨૦૧૬ ના જાહેરનામામાં નિયત કરેલ ૨૦ સેવાઓ પુરી પાડનાર અધિકારી/મુકરર અધિકારી અને ફરિયાદ નિવારણ અધિકારીની આપની કચેરીએ નિમણુંક કરવામાં આવેલ છે. તેમનાં નામ સરનામા પ્રસિધ્ધ કરવાના રહે છે. સેવાઓ પુરી પાડનાર અધિકારી/મુકરર અધિકારી અને ફરિયાદ નિવારણ અધિકારીઓનાં નામ અને સરનામા, ઇ-મેઇલ, આઇ.ડી., ટેલીફોન નંબર, ફેક્ષ નંબરની વિગતો પ્રસિધ્ધ કરવાની રહેશે. તેમજ વેબસાઇટ ઉપર પ્રદર્શિત કરવાના રહેશે.

વધુમાં તાબાના જાહેર (રાજય) સેવકે, સામાન્ય જનતાની સુગમતા માટે તેમની કચેરી ધ્વારા પુરી પાડવાની થતી સેવાઓના સંબંધમાં નિયમો સાથે જોડેલ નમૂના-ક મુજબની સંબંધીત તમામ માહિતી કચેરીની બહારની બાજુએ નોટિસ બોર્ડ ઉપર પ્રદર્શિત કરવાની રહેશે. અરજીઓ સ્વીકારવા માટે નિયત અરજી પત્રકોની નકલો પુરતી સંખ્યામાં કાઉન્ટર ઉપર ઉપલબ્ધ રાખવાની રહેશે.

ઉકત સૂચનાનો તાત્કાલીક અમલ કરી અત્રે અહેવાલ રજુ કરવા જણાવવામાં આવે છે.

નોંધ પર માન.કમિશ્નરશ્રીની મંજુરી મુજબ.

ખાસ ફરજ પરના અધિકારી,
વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી
ગુજરાત રાજય,ગાંધીનગર.

:પુરબિયા:૫૧:૧૯૬:

૨૩/૮/૧૬